**મ્હે. એડિ. સિનિયર સીવીલ જજ અને એડિ. ચીફ જયુડિ. મેજિ. જજ સાહેબની કોર્ટ, મુકામ વંથલી**

**ફોજદારી કેસ નં. ૩૩૭/૨૦૨૬**
**આંક – ૭**

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : કરીમશા મેહબુબશા રફાઈ,
રહે. જુનાગઢ, સુખનાથ ચોક, પાણીના ટાંકા પાસે, જુનો તાર બંગલો ખાપરા ખોડીયા ગુફાની બાજુમાં, તા. જી. જુનાગઢ.

**ગુજરાત નશાબંધી ધારાની કલમ ૬૫ (એએ) મુજબ**

**ચુકાદો**

૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની કલમ ૬૫ (એએ) મુજબના શીક્ષાને પાત્ર ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા અંગે પોલીસ ધ્વારા ચાર્જશીટ કાર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

૨) આરોપી કોર્ટ રુબરુ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાતરી કરેલ છે.

૩) આરોપીની ચાર્જફ્રેમ કરી / પ્લી રેકર્ડ કરતા ગુન્હો કબુલ હોવાનુ જણાવે છે અને ગુનાની કબુલાત પુરસીસ આપી તેઓનો પ્રથમ ગુનો હોવાનુ તથા ગરીબ બાલ બચ્ચાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવી કે આવા પ્રકારનો ગુનો ન કરવાની કાર્ટને બાહેધારી અને ખાતરી આપે છે. આરોપીને સજા અંગેની જોગવાઈઓની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુનો કબુલ કરતા હોય આરોપીની કબુલાત સ્વેચ્છીક જણાય છે. ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા તથા પ્રોહી. એકટ કલમ ૬૫ (એએ) ધ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટ દ્રારા ગુજરાત રાજય વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં નામ. વડી અદાલતે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીને હળવી સજા કરવી ન્યોયોચીત જણાય આવતુ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને બી. એન. એસ. એસ. ક. ૨૬૪ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની ક. ૬૫ (એએ) ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૫૦૦/– (અંકે રુપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૧૩ મી, માહે : – જુલાઈ, સને : – ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૩/૦૭/૨૦૨૬**
**સ્થળ : વંથલી**

**( એલ. આઈ. ઈંગલે )**
**એડિ. ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ**
**વંથલી**
**કોડ નં. ૦૧૩૭૨**